**Shri Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh**

**Conducted**

**MATUSHRI MANIBEN MANSHI BHIMSHI CHHADVA DHARMIK SHIKSHAN BOARD**

Website : jainshikshan.org E-mail : jainshikshanboard@gmail.com

## ૧૧ ઓગસ્ટ ૨૦૧૯ - ઉત્તર પેપર - ગુણ - ૧૦૦

# સર્ટીફીકેટ કોર્સ શ્રેણી – ૧૭

**પ્રશ્ન ૧. નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧) લાભાર્થ - મનનો, સહસાકાર - વચનનો, આલંબન - કાયાનો, અવિનય - મનનો

૨) નમોક્કારેણં નિમ્મલયરા-વિશેષ નિર્મલ - પ્રગટ્યણે અરિહંતાણં બોલીને
નકારવેમિ - બીજા પાસે કરાવું નહિસવ્વન્નૂણં - લોકના સર્વ પદાર્થોને જાણનારા - સર્વજ્ઞ

૩) ઠાણાંગ, સમવાયાંગ અને પ્રશ્નવ્યાકરણ એ અંગસૂત્રોમાં એક પણ ધર્મકથા નથી.

૪) નિરયાવલિકા સૂત્ર ઉપાંગ છે, કાલિક છે. કોણિક રાજાના પોતાના ભાઈ હલ વિહલ તથા ચેડારાજા સાથેના રથમૂસલ સંગ્રામનું તેમાં વર્ણન છે. યુધ્ધ પરિણામે જીવ નરક આદિ દુર્ગતિમાં ઉપજ્યા તેનું વર્ણન છે.

૫) જેનાથી વડીદીક્ષા અપાય છે તે સૂત્ર છે દશવૈકાલિક સૂત્ર, તેના રચયિતા છે આચાર્ય શય્યંભવ સ્વામી. તેમાં અધ્યયન અને ઉદ્દેશકની શૈલી છે.

૬) રજોદ્‌ઘાત એટલે ચારે બાજુ ધૂળ, રજનું પડવું, આંધી આવવી, તે જ્યાં સુધી રહે ત્યાં સુધી તેની અસજ્ઝાય હોય.

૭) શુકલપક્ષ એકમની અસજ્ઝાયનું નામ યૂપક છે, તે રાત્રીના ૧લા પ્રહર સુધી હોય.

**પ્રશ્ન ૨. શ્રી આચારાંગ સૂત્રના આધારે જવાબ આપો.** **(૫)**

૧) ભગવાન મહાવીરે ક્ષત્રિયકુંડ નગરમાં, હેમંત ઋતુમાં કારતક વદ દસમ (શાસ્ત્રીય માગશર વદ દસમ)ના દીક્ષા લીધી હતી.

૨) કર્મબંધના ૩ કારણ બતાવ્યા છે. (૧) આદાનસ્ત્રોત (૨) અતિયાતસ્ત્રોત (૩) યોગ.

૩) કૂતુહલ ઉત્પન્ન કરનાર આખ્યાયિકા (નાટક), ગીત, દંડયુધ્ધ, મલ્લયુદ્ધ જેવી પ્રવૃત્તિમાં ભગવાન રસ લેતા નહોતા.

**પ્રશ્ન ૩. શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ આપો.** **(૧૦)**

૧) આરંભ અને પરિગ્રહ એ બે સ્થાનોને પરિજ્ઞાત (જાણીને ત્યાગનાર) આત્મા કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે.

૨) ઉન્માદ અર્થાત્ બુદ્ધિની વિપરીતતા બે પ્રકારે
(૧) યક્ષાવેશજન્ય - શરીરમાં યક્ષ પ્રવેશે તેથી થતો ઉન્માદ
(૨) મોહનીયકર્મ ઉદયજન્ય ઉન્માદ.

૩) તમિસ્ત્રા ગુફા ભરતક્ષેત્રમાં દીર્ઘવૈતાઢય પર્વતમાં આવેલી છે.

૪) પલ્ય એટલે પાલો. જેને આવા પાલાની ઉપમા આપવામાં આવી છે તે પલ્યોપમ. ઉત્સેધ આંગુલથી ૧ યોજન લાંબો, ૧ યોજન પહોળો, ૧ યોજન ઊંડો પાલો. તેમાં ૧ દિવસથી લઈ ૭ દિવસના જુગલિયાના મસ્તક ઉપર ઊગેલા વાળના નાના નાના ટુકડાથી ઠાંસીને ભરવાનો. ત્યાર પછી દર સો સો વર્ષે તેમાંથી ૧-૧ વાળના ટુકડાને કાઢવામાં આવે તો તે પાલાને ખાલી થતાં જેટલો સમય લાગે તેને પલ્યોપમ કહે છે.

**પ્રશ્ન ૪. શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે જવાબ આપો.** **(૧૦)**

૧) ધન્ય સાર્થવાહ કુટુંબમાં તથા સમાજમાં મેઢીરૂપ, પ્રમાણરૂપ, આધારરૂપ, અવલંબનરૂપ હતા. પોતાની ગેરહાજરીમાં અથવા પોતાના અશક્ત થવા ઉપર તેમના કુટુંબ માટે કોણ આધારરૂપ બનશે, કોણ અવલંબનરૂપ બનશે કોણ બધાને અદ્દઢ સાથે બાંધીને રાખશે ? તેમના કુટુંબનો સંપ સાચવનાર, સંવર્ધન કરનાર કોણ થશે તે જાણવા તેમને બધી પુત્રવધુઓની પરીક્ષા કરવી હતી. બધાંની હાજરીમાં આવી કોઈ પરીક્ષા કરવા માટે તેમણે પુત્રવધુઓના પિયરવર્ગને બોલાવ્યો.

૨) (ક) રોહિણી (ખ) પાંચ મહાવ્રતના પાલક સાધુ સાધ્વી (ગ) રક્ષિકા (ઘ) કૃષ્ણ પક્ષની એકમનો ચંદ્ર

૩) ધન્ય સાર્થવાહે ઉજ્ઝિકાને શાલિના દાણા આપતાં કહ્યું કે હે પુત્રી! તું મારી પાસેથી આ પાંચ દાણા લે, તેનું અનુક્રમથી સંરક્ષણ અને સંગોપન (સાચવણ) કરજે. અને જ્યારે હું તારી પાસેથી પાછાં માંગુ ત્યારે તું મને આ પાંચ દાણા પાછાં આપજે.

૪) ધન્ય સાર્થવાહની પત્નીનું નામ ભદ્રા હતું.

**પ્રશ્ન ૫. શ્રી ઉપાસક દશાંગસૂત્રના આધારે જવાબ આપો.** **(૧૦)**

૧) ક) ખોટું છે. સુધારેલું વાક્ય : આનંદ શ્રાવક ઊંચે ઉર્ધ્વ દિશામાં સૌધર્મ દેવલોક સુધી જોવા જાણવા લાગ્યા.

ખ) ખરું.

ગ) ખોટું છે. સુધારેલું વાક્ય : આનંદ શ્રાવકે આમળા સિવાય બધાં ફળોનો ત્યાગ કર્યો.

ઘ) ખરું.

૨) દિશા પરિમાણ વ્રતની મર્યાદા કરતાં આનંદ શ્રાવકે ક્ષેત્ર વાસ્તુની મર્યાદા કરી. જેનાથી ૧૦૦ વીઘાં જમીન ખેડી શકાય તેવું ૧ હળ, એવાં ૫૦૦ હળો સિવાય અન્ય બધાં ક્ષેત્ર વાસ્તુના પચ્ચક્ખાણ કર્યા. અર્થાત્ આનંદ શ્રાવકે ચારે દિશામાં સવા છસો - સવા છસો ગાઉનું (૫૦૦X૨,૧/૨ ગાઉ) ક્ષેત્ર ખુલ્લું રાખીને બાકીનાં દિશા ક્ષેત્રની મર્યાદા કરી લીધી. અંદાજે સંપૂર્ણ ભારતની ભૂમિની મર્યાદા કરી.

૩) આનંદ શ્રાવક અત્યારે અરૂણાભ વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિએ છે.

૪) આનંદ શ્રાવકે આઠ ઔષ્ટ્રિક પાણીથી વધારે પાણી વડે સ્નાન કરવાનો ત્યાગ કર્યો હતો.

**પ્રશ્ન ૬.**

**ક) શ્રી અંતગડ સૂત્રના આધારે જવાબ આપો.** **(૫)**

૧) વર્ગ એટલે અધ્યયનોનો સમૂહ. અંતગડ સૂત્રના આઠ વર્ગ છે.

૨) અંતગડ દશાંગ સૂત્રના પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન છે. તેમાંથી ચોથાનું નામ ગંભીર છે, આઠમા અધ્યયનનું નામ અક્ષોભ્ય છે.

૩) ગૌતમ અણગારે આવશ્યક સૂત્ર અને ૧૧ અંગસૂત્રોનો અભ્યાસ કર્યો.

ખ) (૧) જાલિકુમારે પ્રત્યેક પત્નીને ૧-૧ કરોડ ચાંદી, ૧-૧ કરોડ સુવર્ણ, ૧-૧ પ્રેષ્યકર્મ કરનારી દાસી આપી. તે સિવાય બીજું ઘણું ધન, સોનુ વગેરે આપ્યું.

(૨) જાલિઅણગાર પ્રકૃતિથી ભદ્ર, વિનયી, શાંત, અલ્પકષાયી, કોમળતા, નમ્રતા વગેરે ગુણોથી યુક્ત હતા. ઇન્દ્રિયોને વશમાં રાખનાર હતા.

(૩) જાલિકુમારે મેઘકુમારની જેમ દીક્ષા લીધી અને ખંધકમુનિની જેમ તપ કર્યું.

**પ્રશ્ન ૭. શ્રી દશવૈકાલિક સૂત્ર અને પુચ્છિંસ્સુણંના આધારે જવાબ લખો.** **(૧૫)**

**ભાવાર્થ સાથે ગાથા લખો. (કોઈ પણ પાંચ) :**

૧) એમે એ સમણા મુત્તા, જે લોએ સંતિ સાહૂણો।
વિહંગમા વ પુપ્ફેસુ, દાણભત્તેસણે રયા ।।
ભાવાર્થ : તે જ પ્રકારે લોકમાં જે મુક્ત શ્રમણો સાધુ છે, તે દાતા પાસેથી એષણિક ૪૨ દોષરહિત આહાર પાણી શોધવામાં રત (લીન) રહે છે. જેમ ભમરો પુષ્પોના રસમાં રત રહે છે.

૨) ધિરત્થુ તેડજસોકામી, જો તં જીવિયકારણા ।
વંતં ઇચ્છસિ આવેઉં, સેયં તે મરણં ભવે ।।
ભાવાર્થ : હે અપજશના કામી! (રહનેમિ) તને ધિક્કાર હો! અસંયમી જીવન જીવવા માટે (ભગવાન નેમિનાથે) વમેલી - તજેલી મને તું ભોગવવા ઇચ્છે છે! એના કરતાં તો તારું મોત થઈ જાય તે જ તારા માટે શ્રેયકારી છે.

૩) સંજમે સુટ્ઠિ અપ્પાણં, વિપ્પમુક્કાણ તાઈણં ।
તેસિમેયમણાઈણ્ણં, નિગ્ગંથાણં મહેસિણં ।।
ભાવાર્થ : સંયમમાં સુસ્થિત, સંસારની સર્વ આસક્તિથી મુક્ત થયેલા, પોતાના આત્માની અને છકાયના જીવોની રક્ષા કરનારા, તે નિર્ગ્રંથ જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે, તેવા મહર્ષિઓને આ અનાચીર્ણ એટલે કે નહિ આચરવા યોગ્ય છે.

૪) સે ભૂઈ પન્ને અણિએ અચારી, ઓહંતરે ધીરે અણંત ચક્ખૂ ।
અણુતરં તપ્પઈ સૂરીએ વા, વઈરોયણિંદે વ તમં પગાસે ।।
ભાવાર્થ : તે ભગવાન મહાવીર અનંતજ્ઞાની, અપ્રતિબધ્ધ વિહારી, સંસાર સાગરને તરનારા, ધીરજવાન, અનંત જ્ઞાનરૂપ નેત્રવાલા તથા જેમ સૂર્ય સર્વથી વિશેષ તપે છે, તેમ તેઓ સર્વથી અધિક ઉત્કૃષ્ટ તપ કરતા હતા. જેમ વૈરોચન અગ્નિ અંધકારમાં પ્રકાશ કરે છે તેમ તેઓ અજ્ઞાન - અંધકાર દૂર કરી પ્રકાશ કરનાર હતા.

૫) મહિએ મજઝંમિ ઠિએ નગિંદે, પણ્ણાયતે સુરિએ સુધ્ધલેસે ।
એવં સિરિએ ઉસ ભૂરિવણ્ણે, મણોરમે જોયઈ અચ્ચિમાલી ।।
ભાવાર્થ : પૃથ્વીના મધ્યભાગમાં સ્થિત સર્વ પર્વતોનો ઈન્દ્ર, મેરુપર્વત સૂર્યની જેમ શુધ્ધ કાંતિવાળો પ્રતીત થાય છે. એ જ રીતે પોતાની શોભાથી અનેક પ્રકારનાં રત્નોના વર્ણોએ કરી. મનને આનંદ આપે છે અને સૂર્યની જેમ સર્વ દિશાઓને પ્રકાશિત કરે છે.

૬) થણિયં વ સદ્દાણ અણુત્તરેઉ, ચંદો વ તારાણ મહાણુભાવે ।
ગંધેસુ વા ચંદણમાહુ સેટ્ઠં, એવં મુણીણ અપડિન્નમાહુ ।।
ભાવાર્થ : જેમ શબ્દમાં મેઘગર્જના, તારાઓમાં ચંદ્ર અને સુગંધમાં ચંદન શ્રેષ્ઠ છે, તેમ મુનિઓમાં લોક પરલોકની આકાંક્ષારહિત શ્રમણ ભગવાન મહાવીર શ્રેષ્ઠ હતા.

**પ્રશ્ન ૮. શ્રી ભગવતી સૂત્રના આધારે જવાબ આપો.** **(૧૦)**

૧) સંસારીઓનું સુખ ભૌતિક છે જ્યારે શ્રમણ ભગવંતોનું સુખ મોહનીય કર્મના વિજયથી પ્રાપ્ત થતું આત્મિક સુખ છે.

૨) ૧૫૦ દિવસ એટલે પાંચ માસ. સાધુ ૧૫૦ દિવસ સંયમ પાળે તો ચંદ્ર - સૂર્યના દેવનું સુખ ઉલ્લંઘી જાય. ૧૨ માસ નિર્મળ સંયમ પાળવાથી વિજય વિમાનના દેવોના સુખથી પણ વધુ સુખ મળે.

૩) આયુષ્યપૂર્ણ થતાં દેવને મનુષ્યગતિ કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થવાનું છે. તેથી ચ્યવનકાળ નજીક આવતાં દેવ વિચારે છે કે હવે આ દેવસંબંધી કામભોગોને છોડી તેને મનુષ્ય આદિ અશુચિ પદાર્થવાલી યોનિમાં ઉત્પન્ન થવું પડશે. ત્યાં વીર્ય અને શુક્રનો આહાર લેવો પડશે એવું વિચારીને તેમને લજ્જા આવે છે, ઘૃણા થાય છે, અરતિ થાય છે અને દેવો દુઃખી થાય છે.

૪) ગર્ભસ્થ જીવને માતા તરફથી (૧) માંસ (૨) રૂધિર અને મસ્તક (ભેજું) મળે છે અને પિતા તરફથી (૧) હાડ (૨) હાડની મજ્જા અને (૩) કેશ, નખ, રોમ એ અંગો મળે છે.

**પ્રશ્ન ૯. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આધારે જવાબ લખો.** **(૫)**

૧) જઘન્ય ૨૦ પક્ષે ૧૧મા દેવલોકના દેવ અને ઉત્કૃષ્ટ ૩૦ પક્ષે આઠમી ગ્રૈવેયકના દેવો શ્વાસ લે છે.

૨) દસેદસ, છઠ્ઠા

૩) મનુષ્યમાં સૌથી થોડી ભયસંજ્ઞા.
તેથી આહારસંજ્ઞા સંખ્યાતગુણી
તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગુણી
તેથી મૈથુનસંજ્ઞા સંખ્યાતગુણી

૪) ભવનપતિના દેવોને આભ્યુપગમિકી વેદના નથી. નિદાવેદના પાંચ સ્થાવર અને ૩ વિકલેન્દ્રિય જીવોને નથી અર્થાત અસંજ્ઞીના ૮ દંડકમાં નથી.

૫) શાતાવેદના વેદનીયકર્મના ઉદયે સ્વયં ઉદયમાં આવેલી અનુકૂળ વેદના છે, સુખરૂપ વેદના છે. જે પોતાના જ કર્મનું ફળ છે. સુખ વેદના બીજા દ્વારા ઉત્પાદિત. સાંયોગિક અનુકૂળ વેદના છે. અહીં અન્ય વ્યક્તિ કે અન્ય સંજોગોથી મળતી અનુકૂળ વેદના છે.

**પ્રશ્ન ૧૦. આગમ પરંપરાના આધારે જવાબ લખો.** **(૫)**

૧) પ્રથમ આગમવાંચના પાટલીપુત્રમાં વીર નિર્વાણ ૧૬૦ વર્ષે થઈ.

૨) તીર્થ પ્રવર્તન કરવાના સમયે તીર્થંકર ભગવાન ગણધરોને જે અર્થનો સર્વ પ્રથમ ઉપદેશ આપે છે અથવા ગણધરો જે અર્થને પ્રથમ સૂત્રરૂપમાં ગૂંથન કરે છે તેને પૂર્વ કહે છે.

૩) ક્રિયા વિશાલ પૂર્વ અને લોક બિંદુસાર પૂર્વ એ છેલ્લા બે પૂર્વ છે.

**જય જિનેન્દ્ર**